પરદેશ પાર્સલ સર્વિસ
www.chipsairexp.com
CHIPS Express
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫૫ | ૨૭ નવેમ્બર, ૨૦૧૯, બુધવાર; માગસર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ફડનવીસનું રાજીનામું, મહારાષ્ટ્રમાં 'ઠાકરે રાજ'

**સુપ્રીમ કોર્ટના ફ્લોર ટેસ્ટના આદેશને પગલે મહારાષ્ટ્રમાં રાજકીય ધમધમાટ : પારિવારીક દબાણના પગલે અજીત પવારે રાજીનામુ આપતા આખી રાજરમત બદલાઈ ગઈ : ભાજપના સુપ્રીમો શરમ મુકાયા : અજીત પવારના ભરોસે રાતોરાત સરકાર રચવાનું ભાજપને ભારે પડ્યું : સાંજે મહાવિકાસ અઘાડીની બેઠકમાં ઉદ્ધવ ઠાકરને સર્વાનુમતે વરણી કરાઈ : ફડનવીસના રાજીનામા બાદ ફ્લોર ટેસ્ટનો આદેશ નિરર્થક**

મુંબઈ, તા. ૨૬

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે શપથ લીધાના માત્ર ત્રણ દિવસ બાદ જ હોદ્દાથી રાજીનામુ આપી દીધું હતું. આની સાથે જ ભાજપની ગેમ ઓવર થઈ હતી. સુપ્રીમ કોર્ટે આજે બુધવારે ફ્લોર ટેસ્ટ કરવા માટેનો અગાઉ આદેશ આપ્યો હતો. દેવેન્દ્ર ફડનવીસે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તે રાજ્યપાલને મળીને રાજીનામુ આપી ચુક્યા છે. આ પહેલા નાયબ મુખ્યમંત્રી અજીત પવારે પણ રાજીનામુ આપી દીધું હતું. રાજીનામું આપતી વેળા ફડનવીસે પ્રદેશમાં અસ્થિરતા માટે શિવસેના ઉપર દોષારોપણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અમે સાથે મળીને ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. બહુમતિ પણ મળી ગઈ હતી પરંતુ અમને પ્રજાએ ૧૦૫ સીટો આપીને વધારે સમર્થન આપ્યું હતું પરંતુ શિવસેનાએ પરિસ્થિતિનો લાભ લઈને ગુલાંટ મારી દીધી હતી. શિવસેનાને લાગ્યું હતું કે, તેના વગર સરકાર બની શકનાર નથી જેથી શિવસેનાએ ગુલાંટ મારી દીધી હતી અને મુખ્યમંત્રીની માંગ ઉપર જિદ્દી વલણ અપનાવ્યું હતું જ્યારે આવી કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. શિવસેનાએ અમારી સાથે સરકાર રચવા માટે વાતચીત કરવાના બદલે એનસીપી સાથે વાતચીત શરૂ કરી દીધી હતી. એટલું જ નહીં શિવસેના પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, તેમના સંદર્ભમાં અમને એવું પણ સાંભળવા મળ્યું હતું કે, તેઓ માતોશ્રીની બહાર જ નિકળ્યા ન

● અનુસંધાન પાના - ૭ પર

## પહેલી ડિસેમ્બરે શિવસેના સુપ્રિમો ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે: કોંગ્રેસના થોરાટ અને એનસીપીના જયંત પાટિલ નાયબ મુખ્યમંત્રીના શપથ લેશે





## ફડણવીસની સરકાર માત્ર ૮૦ કલાક ટકી

આમ ૨૩મી સવારે ૭.૩૦ કલાકે સીએમ બનેલા દેવેન્દ્ર ફડણવીસ વીસ દિવસ પણ નહીં અને માત્ર ૮૦ કલાક જ મુખ્યમંત્રીપદે રહ્યાં હતા. તો બળવાખોર અજીત પવાર ૭૮ કલાક નાયબ મુખ્યમંત્રીપદે રહ્યાં હતા. વિદાયમાન સીએમએ નવી સરકારને શુભેચ્છાઓ પાઠવીને વ્યંગ કર્યો હતો કે ત્રણ પેડાવાળી સરકાર કઈ રીતે ચાલશે તે એક સવાલ છે. નવી સરકારને અમે પ્રજાના કામો કઈ રીતે કરવા તેના પાઠ ભણાવીશું એમ કહને તેમણે ઉમેર્યું કે ભાજપ વિધાનસભામાં મજબૂત વિપક્ષની ભૂમિકા નિભાવશે. તેસાથે જ મહારાષ્ટ્રમાં ૨૨મીની રાતથી ૨૩મીની સવાર સુધીના ગાળામાં રાતોરાત બનેલી સરકારનું ૮૦ કલાકમાં જ બાળમરણ થયું હતું.

## શરદ પવારે ભાજપને બોલ્ડ આઉટ કર્યું : નવાબ મલિક

મુંબઈ, તા. ૨૬

મહારાષ્ટ્રમાં રાજકીય ડ્રામાબાજીના દોર વચ્ચે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસના રાજીનામાની સાથે આક્ષેપબાજીનો દોર ચાલી રહ્યો છે. આ આક્ષેપબાજીના દોરમાં એનસીપીના પ્રવક્તા નવાબ મલિકે ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરીના ક્રિકેટને લઈને આપવામાં આવેલા નિવેદન ઉપર વળતા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું છે કે, ભાજપ નેતા નીતિન ગડકરી ભુલી ગયા હતા કે, શરદ પવાર આઈસીસીના અધ્યક્ષ રહી ચુક્યા છે અને તેઓએ તેમને ક્લિન બોલ્ડ કરી દીધા છે. નવાબ મલિકે ટ્વિટ કરીને કહ્યું છે કે, ભાજપ નેતા કહી રહ્યા હતા કે, ક્રિકેટ અને રાજનીતિને કોઈપણ બાબત ક્યારે પણ બની શકે છે. કદાચ તેઓ ભુલી ગયા હતા કે, શરદ પવાર આઈસીસીના અધ્યક્ષ રહી ચુક્યા છે. હવે પવારે ક્લિન બોલ્ડ કરી દીધા છે. મલિકે કહ્યું હતું કે, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ દ્વારા રાજીનામુ આપી દેવાની બાબત મહારાષ્ટ્રની પ્રજાની જીત થઈ છે. આ પહેલા ગડકરીએ શનિવારના દિવસે ફડનવીસની સાથે શપથ લીધા બાદ એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ક્રિકેટ અને રાજનીતિમાં કોઈપણ બાબત શક્ય રહેલી છે. સુપ્રીમ કોર્ટે આજે સવારે ફલોર ટેસ્ટ માટેનો આદેશ કર્યો હતો. પરંતુ ફલોર ટેસ્ટની રાહ જોયા વગર જ ફડનવીસે બપોરે રાજીનામુ આપી દીધું હતું.

## મોદી-અમિત શાહની મહારાષ્ટ્ર મુદ્દે બેઠક

દિલ્હીમાં પણ મંગળવારે વડાપ્રધાન મોદીએ બીજેપી અધ્યક્ષ અને ગૃહમંત્રી અમિત શાહ સાથે આ મામલે બેઠક કરી હતી. મહારાષ્ટ્ર મામલે કરવામાં આવેલી આ બેઠકમાં પીએમ મોદી, અમિત શાહ સિવાય બીજેપીના કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર રહ્યા હતા.

## અંગત કારણો આપી અજીત પવારે રાજીનામુ આપ્યું

મુંબઈ, તા. ૨૬

મહારાષ્ટ્રમાં બહુમત પરીક્ષણ માટે સુપ્રીમ કોર્ટની ડેડલાઈન વચ્ચે ઝડપથી બદલાયેલા ઘટનાક્રમ વચ્ચે નાયબ મુખ્યમંત્રી અજીત પવારે બપોરના ગાળામાં જ રાજીનામુ આપી દીધું હતું. શનિવારના દિવસે સત્તા સંભાળ્યાના ત્રણ દિવસ બાદ જ અજીત પવારે રાજીનામુ આપ્યું હતું. અજીત પવારે આ સંદર્ભમાં વાત કરતા કહ્યું છે કે, અંગત કારણોસર તેઓએ રાજીનામુ આપ્યું છે. ૮૦ કલાક સુધી નાયબ મુખ્યમંત્રી તરીકે રહ્યા બાદ તેઓએ રાજીનામુ આપ્યું હતું. મુખ્યમંત્રી ફડનવીસે પણ કહ્યું હતું કે, અજીત પવારે તેમને કહ્યું હતું કે, તેઓ અંગત કારણોસર રાજીનામુ આપી રહ્યા છે. ભાજપને અજીત પવાર સમર્થન આપશે તેવી ગણતરી હતી કે કેમ તે અંગે પુછવામાં આવતા ફડનવીસે કહ્યું હતું કે, આ મુદ્દે શરદ પવાર જ કોઈ ટિપ્પણી કરી શકે છે. બીજી બાજુ શિવસેનાના નેતા સંજય રાવતે કહ્યું હતું કે, અજીત દાદા રાજીનામુ આપી ચુક્યા છે. તેઓ અમારી સાથે છે. ઉદ્ધવ ઠાકરે આગામી પાંચ વર્ષ માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનશે. મહારાષ્ટ્રમાં રાજકીય ઘટનાક્રમનો દોર જોરદારરીતે જારી રહ્યો છે. શનિવારના દિવસે આ ઘટનાક્રમની શરૂઆત થઈ હતી.

## ન્યુઝ ટ્રેક

### અનંતનાગમાં ગ્રેનેડ હુમલો : બે ના મોત

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં આતંકવાદીઓએ ગ્રેનેડ હુમલો કર્યો હતો. આ હુમલામાં બે નાગરિકોના મૃત્યુ નીપજ્યા છે. સુરક્ષાબળોએ તલાશી અભિયાન શરૂ કર્યુ છે. એક જ દિવસમાં ગ્રેનેડ હુમલાના બે બનાવો બન્યા છે. અગાઉ કાશ્મીર વિશ્વ વિદ્યાલયની બહાર હુમલો થયો હતો.

### આરકોમની સંપતિ માટે જીયો-એરટેલ મેદાનમાં

ભારતની દિગ્ગજ ટેલીકોમ કંપનીઓ ભારતી એરટેલ અને જીયો અનિલ અંબાણીની રિલાયન્સ કોમ્યુનિકેશનની સંપત્તિ માટે મેદાનમાં આવી છે. આ બંને કંપનીઓએ આરકોમની સંપત્તિ ખરીદવા બોલી લગાવી છે. હાલમાં આરોકમ પર ૩૩ હજાર કરોડનું દેવુ છે.

### સૌથી શક્તિશાળી મીલીટ્રી સેટેલાઈટ માટે ઈસરો સજ્જ

દેશનો સૌથી શક્તિશાળી મિલિટ્રી સેટેલાઈટ કાર્ટોસેટ-૩ને તા. ૨૭મી નવેમ્બરે લોન્ચ કરવામાં આવશે. કોર્ટોસેટ-૩ પોતાની સિરીઝનો આ નવમો સેટેલાઈટ છે. તેનો કેમેરો એટલો શક્તિશાળી છે કે તે અંતરિક્ષમાં ૫૦૯ કિમીની ઉંચાઈ પરથી જમીન પર એક ફૂટથી ઓછા અંતર સુધીના ફોટા લઈ શકશે. કાંડા ઘડીયાળનો સટીક સમય પણ તે જાણી શકશે.

### ઈન્કમટેક્સના ૨૧ અધિકારીઓ ફરજીયાત નિવૃત્ત

કેન્દ્ર સરકારે ભ્રષ્ટાચારી અધિકારીઓ વિરૂદ્ધ સખત પગલાં લીધા છે. આવકવેરા વિભાગના ૨૧ અધિકારીઓને ભ્રષ્ટાચારના આરોપો બદલ ફરજીયાત નિવૃત્ત કરી દેવાયા છે. અત્યાર સુધી પાંચ વખત સરકારે આવા કડક પગલાં લીધા છે.

# સવારે સુપ્રીમનો ફ્લોર ટેસ્ટનો આદેશ અને સાંજે ભાજપ સરકાર ઘરભેગી

ન્યુ દિલ્હી,તા.૨૬

છેલ્લાં ૪ દિવસથી મહારાષ્ટ્રમાં સર્જાયેલી ગંભીર રાજકિય કટોકટીના ઉકેલરૂપે આખરે સુપ્રિમ કોર્ટે ભાજપના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની એનસીપીના બળવાખોર અજીત પવારના ટેકાથી રાતોરાત રચાયેલી સરકાર ખરેખર બહુમતિ ધરાવે છે કે નહીં તે નક્કી કરવા તાકીદે વિધાનસભાનું સત્ર બોલાવીને રેગ્યુલર સ્પીકર નહીં પણ પ્રોટેમ(કામચલાઉ) સ્પીકર દ્વારા જ અને ગુપ્ત મતદાનને બદલે ખુલ્લા મતદાનની પ્રક્રિયા હાથ ધરીને તથા સમગ્ર ઘટનાનું જીવંત પ્રસારણ કરીને આવતીકાલ બુધવારે સાંજે ૫ વાગ્યા સુધીમાં ફ્લોર ટેસ્ટ યોજવાનો મહત્વનો આદેશ આપ્યો હતો.




તે પછી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી અજીત પવારે વારાફરતી રાજીનામા આપતા સરકારનું ફ્લોર ટેસ્ટ પહેલા જ પતન થયું હતું ત્યારે હવે ફ્લોર ટેસ્ટ યોજાવાની કોઈ શક્યતા જણાતી નથી. તેના બદવે શિવસેના-એનસીપી અને કોંગ્રેસની મહાવિકાસ અઘાડી સરકાર રચાવા જઈ રહ્યું હોવાનું રાજકિય ચિત્ર બની રહ્યું હતું. તે સાથે જ મહારાષ્ટ્રનો મામલો હવે, કાનૂની જંગના મોરચેથી ખસી જઈને વિધાનસભા ગૃહમાં ખરાખરીના અને બળાબળીના ખેલરૂપે મુંબઈ વિધાનસભામાં રાજકીય તખ્તો ખસેડાયો છે. એક તરફ ભાજપ-અજીત પવાર અને બીજી તરફ શિવસેના-એનસીપી અને કોંગ્રેસ એમ બન્ને તરફે પોતપોતાની છાવણીઓ સાબદી કરી દેવામાં આવી છે. પોતાનો કોઈ ધારાસભ્ય લોભ-લાલચ કે ધાકધમકીની ગભરાઈને ફૂટી ના જાય તે માટે તમામ પક્ષોએ પોતાના ધારાસભ્યોને ચોકીપહેરા હેઠળ સહીસલામત રાખવાની ગોઠવણ કરી છે.

# અયોધ્યા કેસમાં સુન્ની વક્ફ બોર્ડ રિવ્યુ પિટિશન નહીં કરે

**સુન્ની વક્ફ બોર્ડની બેઠકમાં પ્રસ્તાવ પાસ કરાયો : દેશની ૧૦૦ દિગ્ગજ મુસ્લિમ હસ્તીઓ રિવ્યુ પિટિશનનો વિરોધ કરી ચુકી છે : પર્સનલ લો બોર્ડ રિવ્યુની તરફેણમમાં**

નવીદિલ્હી, તા. ૨૬

અયોધ્યા મામલામાં સુપ્રીમ કોર્ટના ચુકાદા પર સુન્ની વક્ફ બોર્ડે ફેર વિચારણા અરજી દાખલ નહી કરવાનો નિર્ણય કર્યો છે. વક્ફ બોર્ડના આ નિર્ણયથી શાંતિપૂર્ણ માહોલમાં રામ મંદિર નિર્માણ માટેનો રસ્તો ખુલી ગયો છે. સુન્ની વક્ફ બોર્ડના સભ્ય અબ્દુલ રઝાક ખાને કહ્યું છે કે, તેમની બેઠકમાં બહુમતિથી રિવ્યુ પિટિશન દાખલ નહીં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં એક પ્રસ્તાવ પણ પાસ કરી દેવામાં આવ્યો છે. જો કે, આ બેઠકમાં સુપ્રીમ કોર્ટ તરફથી મસ્જિદ નિર્માણ માટે પાંચ એકર જમીન આપવાના આદેશને લઈને કોઈ ચર્ચા કરવામાં આવી ન હતી. બોર્ડે પહેલા પણ પોતાના તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમં કહ્યું હતું કે, તે આ મામલામાં રિવ્યુ પિટિશન દાખલ કરશે નહીં. આ પહેલા દેશની ૧૦૦ દિગ્ગજ મુસ્લિમ હસ્તીઓએ રિવ્યુ પિટિશન દાખલ કરવાને લઈને વિરોધ કર્યો હતો. રિવ્યુ પિટિશન દાખલ કરવાઉનો વિરોધ કરનાર અસ્થિમા નસરુદ્દીન શાહ, શબાના આઝમી જેવા ફિલ્મ અભિનેતા પણ સામેલ છે. બીજી બાજુ હાલમાં જ મુસ્લિમ પર્સનલ લો બોર્ડે લખનૌમાં પોતાની બેઠકમાં રિવ્યુ પિટિશન દાખલ કરવાની વાત કરી હતી. નવમી નવેમ્બરના દિવસે ૭૦ વર્ષથી ચાલી રહેલા અયોધ્યા વિવાદ પર સુપ્રીમ કોર્ટે ઐતિહાસિ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે રામ મંદિર મામલામાં આ ઐતિહાસિક ચુકાદો આપીને તમામ પક્ષોને સંતુષ્ટ



કરવાના પ્રયાસ કર્યા હતા. તે વખતે સુન્ની વક્ફ બોર્ડે આ નિર્ણયની સામે રિવ્યુ પિટિશનના મામલે નિર્ણય લેવા માટે ૨૬મી નવેમ્બરની તારીખ નક્કી કરી હતી અને આજે રિવ્યુ પિટિશન દાખલ કરવાનો નિર્ણય કર્યો હતો. અત્રે નોંધનીય છે કે, છેલ્લા ૭૦ વર્ષથી ચાલી રહેલી કાયદાકીય લડાઈ, ૪૦ દિવસ સુધી સતત ચાલેલી મેરેથોન સુનાવણી બાદ આખરે ૯મી નવેમ્બરના દિવસે અયોધ્યા મામલામાં સુપ્રીમ કોર્ટે તેનો ઐતિહાસિક ચુકાદો આપી દીધો હતો. સુપ્રિમ કોર્ટે સંપૂર્ણ વિવાદાસ્પદ જમીન રામલલા વિરાજમાનને સોંપવાનો હુકમ કર્યો હતો.

# સંવિધાનની મજબૂતીના કારણે જ એક ભારત-શ્રેષ્ઠ ભારત બનાવી શક્યા : મોદી

**બંધારણ દિવસ નિમિત્તે વડાપ્રધાને સંસદના સેન્ટ્રલમાં સંબોધન કર્યું : દેશવાસીઓએ બંધારણ પર આંચ નથી આવવા દીધી,બંધારણ સૌથી મોટો અને પવિત્ર ગ્રંથ છે,બંધારણ દિવસ અમારા બંધારણના આદર્શોને કાયમ રાખે**

ન્યુ દિલ્હી,તા.૨૬

દેશમાં આજે બંધારણ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ અવસરે સંસદના સેન્ટ્રલ હોલમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સંબોધન કર્યું હતું.

આપણું બંધારણ આપણા ભારતીયોથી શરૂ થાય છે. આપણે તેની તાકાત છીએ, આપણે જ તેની પ્રેરણા અને આપણે જ તેમનો ઉદ્દેશ્ય છે. હું જે કંઈ પણ છું સમાજ માટે છું. આ કર્તવ્ય ભાવ અમારો પ્રેરણા સ્ત્રોત છે. આપણે ગણતંત્રને આપણ કર્તવ્યથી ઓતપ્રોત નવી સંસ્કૃતિ તરફ લઈને જઈએ, સારા નાગરિક બનીએ. હું કામના કરું છું કે આ બંધારણ દિવસ અમારા બંધારણના આદર્શોને કાયમ રાખે. બંધારણ નિર્માણ કરનારાઓએ જે આદર્શો કાયમ રાખ્યા છે તે બંધારણ નિર્માતાઓએ જે સપનું જોયું છે તેને પૂરા કરવાની કોશિશ



કરીએ.

રોડ પર કોઈને તકલીફ થાય અને તમે મદદ કરો એ સારી વાત છે પણ જો મેં ટ્રાફિક નિયમનું પાલન કર્યું અને કોઈને તકલીફ ન થઈ તો તે મારું કર્તવ્ય છે. તમે જે પણ કંઈ કરી રહ્યા છો તો તેની સાથે આપણે એક પ્રશ્ન એ જોડીએ કે શું તેનાથી મારો દેશ મજબૂત બની રહ્યો છે. નાગરિકના નાતે આપણે એ કરીએ જેનાથી આપણું રાષ્ટ્ર સશક્ત બને.

અધિકારો અને કર્તવ્યોની વચ્ચે એક અતૂટ સંબંધ છે. આ સંબંધને મહાત્મા ગાંધીએ સારી રીતે સમજાવ્યો છે. તેઓ કહેતા હતા કે રાઈટ ઈઝ ડ્યૂટી વેલ પરફોર્મ્ડ. તેઓએ લખ્યું છે કે હું મારી અભણ પરંતુ સમજદાર માથી શીખ્યો છું કે દરેક અધિકાર તમારા દ્વારા સાચી નિષ્ઠાથી નિભાવવામાં આવેલા કર્તવ્યોથી જ આવે છે.

### ભારતે ઈઝરાયલ પાસેથી ૨૪૦ સ્પાઈક મિસાઈલ્સ ખરીદી

ન્યુ દિલ્હી,તા.૨૬

પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદીઓના ઠેકાણાઓ પર કાર્યવાહી કરવા માટે સેના એલઓસી પર 'સ્પાઈક' એન્ટી ટેક્ર મિસાઈલ ગોઠવશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

